**આંક–: ૧૦**
દાખલ તારખ : ૧૧–૦૫–૨૦૨૬
રજી. તારીખ: ૧૧–૦૫–૨૦૨૬
ફેસલ તારીખ: ૦૯–૦૭–૨૦૨૬
અવધિ : વર્ષ – માસ – દિવસ–

# રાજકોટ જિલ્લાના મહે. સત્ર ન્યાયાધિશ અને સ્પેશ્યલ જજ (જીપીઆઈડી) સાહેબની અદાલતમા, મુ.રાજકોટ.

**ફોજદારી પરચુ. અરજી નં.૧૪૬૬/૨૦૨૬**

**ભરતભાઈ રમેશભાઈ મહેતા**
ઉ.વ.આ.૬૬, ધંધો–નિવૃત
રહે. મકાન નં.૩૦૨
ગુલીસ્તા ગ્રાઉન્ડ સામે, હીલ ડ્રાઈવ,
મુ.ભાવનગર. **:::::::::::::: અરજદાર**

**વિ રૂ ઘ્ધ**

**શ્રી સરકાર** **:::::::::::::: સામાવાળા**

**બાબતઃ બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ અન્વયે મુદ્દામાલ તરીકે સીઝ કરેલ રકમ પરત મેળવવા અંગે અરજી.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી આર. બી. ચાવડા |
| સામાવાળા સરકારશ્રી તરફે | : | વિ.એપીપીશ્રી કે.બી.ડોડીયા |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## ચુ કા દો

**(૧)** સી.આઈ.ડી. સાઈબર ક્રાઈમ પોલીસ મથક, ગાંધીનગરના ગુના નં.૧૧૨૦૧૦૧૮૨૫૦૦૧૬/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ ૩૧૬(૫),

૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૪૦, ૩૦૮, ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(સી), ૬૬(ડી) તથા ધી બેનીગ ઓફ અનરેગ્યુલેટેડ ડીપોઝીટ સ્કીમ એકટની કલમ ૨૧, ૨૩, ૨૫(૧) મુજબના ગુના સબબ નોંધાયેલ સેશન્સ કેસ નં.૧૯૨/૨૦૨૫ ના કામે તપાસ દરમ્યાન જુદા જુદા બેન્ક એકાઉન્ટ મારફત સીઝ કરેલ રોકડ રકમ મુળ ફરીયાદી/અરજદારની હોય, સદર સીઝ કરેલ રોકડ રકમ કેસ ચાલતા દરમ્યાન પરત મેળવવા માટે અરજદારે હાલની આ અરજી તેમના વકીલશ્રી મારફત દાખલ છે.

**(૨)** અરજદારની અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી કે.બી.ડોડીયા ઉપસ્થિત થયેલા અને તેઓએ તપાસનીશ અમલદારનો અભિપ્રાય આંક–૯ થી રજુ કરેલ છે.

**(૩)** અરજદારની અરજી અન્વયે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી આર.બી.ચાવડાને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એપીપીશ્રી કે.બી. ડોડીયાને સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદાર સાયબર સેન્ટર ઓફ એકસેલન્સ સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજય, ગાંધીનગરના ડીટેકટીવ પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ રજુ કરેલ આંક–૯ નો અભિપ્રાય વંચાણે લીધો.

**(૪)** અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, હાલના અરજદાર મુળ ફરીયાદી છે અને શેર બ્રોકર તરીકે કામકાજ કરે છે. આ કામના આરોપીઓએ ફરીયાદી/ભોગ બનનારને શેર બજારને લગતી લોભામણી સ્કીમો સમજાવી તેઓના મારફત રોકાણ કરવાથી ખુબજ ઉંચુ વળતર મળશે તેવી સાયબરની યુકિત પ્રયુકિત વાપરી, લાલચ પ્રલોભન આપી વોટસએપ કોલ મારફત ફરીયાદી પાસે જુદી જુદી એપ ડાઉનલોડ કરાવી તા.૩૦–૧૦–૨૦૨૪ થી તા.૨૩–૦૧–૨૦૨૫ દરમ્યાન ફરીયાદી પાસેથી મોટી રકમના ટ્રાન્ઝેકશન કરાવી રકમ પડાવી લઈ મોટી રકમની છેતરપીડી કરતા ફરીયાદીએ સીઆઈડી

ક્રાઈમ, ગાંધીનગરમાં ફરીયાદ જાહેર કરતા ગુનો નોંધાયેલ. આ ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓએ ફરીયાદીને ઉંચુ વળતર આપવાની લાલચ આપી કરાવેલ રોકાણ દેશના અનેક રાજયોમાં જુદી જુદી બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવેલ હોવાની હકીકતો ખુલતા આવા બેન્ક એકાઉન્ટ ફ્રીઝ/લીન એમાઉન્ટ કર્યા બાદ મળી આવેલ રકમ સીઝ કરવામાં આવેલ. જે રકમ ફરીયાદી/અરજદારની માલિકી કબજા ભોગવટાની છે, જે લાંબા સમયથી જમા પડી રહેલ છે. સદર રકમ ફરીયાદીની કાયમી વપરાશ અને ધંધાના રોટેશન માટે તેમજ પોતાના પરિવારના જીવન નિર્વાહ માટે જરૂરી છે. જે રકમ ન મળવાથી અરજદારને ખુબજ હાડમારી અને વિટંબણા વેઠવી પડી રહેલ છે. સદર રકમ અરજદાર/મુળ ફરીયાદીને જો પરત સોપવામાં ન આવે તો ફરીયાદીને ખુબજ નુકશાન વેઠવુ પડે તેવી પરિસ્થિતિ નું નિમાર્ણ થાય. વધુમાં ફરીયાદીની ફરીયાદ અન્વયે નોંધાયેલ ગુના સબબનો સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે. ગુનાનો પ્રકાર અને બનાવનું સ્વરૂપ જોતા કેસનો ગુણદોષ ઉપર નિકાલ થવામાં ખુબ જ લાંબો સમય જાય તેમ છે. ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ પણ ફાઈલ થઈ ગયેલ હોય, જેથી બનાવનું સ્વરૂપ જોતા કેસની ટ્રાયલ દરમ્યાન સદર રકમની કોઈ ખાસ જરૂરીયાત ઉભી થાય તેમ નથી. અરજદાર સિવાય અન્ય કોઈએ સદર રકમની માંગણી કરેલ નથી કે કોઈએ આ રકમ પોતાનો કલેઈમ કરેલ નથી. અરજદાર ખુદ ભોગ બનનાર છે. આરોપીઓ ધ્વારા શેર બજારમાં રોકાણ કરવાથી ખુબ જ ઉંચુ વળતર આપવાની લોભામણી સ્કીમ ધ્વારા ફરીયાદીને ભોગ બનાવી સાયબર ફ્રોડ કરી માતબર રકમની છેતરપીંડી આચરી અલગ અલગ બેન્કોમાં આવી રકમ ટ્રાન્સફર કરાવી ફરીયાદીને ભોગ બનાવેલ હોય, તપાસ દરમ્યાન મળી આવેલ રકમ હાલ સીઝ કરી હોલ્ડ બ્લોક રાખેલ હોય, તે રકમ અરજદારને પરત કરવામાં ન આવે તો અરજદારને ખુબજ આર્થીક નુકશાન જાય તેમ છે. અરજદાર નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તેમજ બેઈલ બોન્ડ રજુ કરવા તૈયાર અને ખુશી છે. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(૫)** જયારે સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એપીપીશ્રીએ આંક–૯ થી તપાસનીશ અમલદારનો અભિપ્રાય રજુ કરી આરોપીઓ ધ્વારા ફરીયાદી ને શેર બજારમાં પોતાના મારફત જુદી જુદી સ્કીમમાં રોકાણ કરવાથી ઉંચુ વળતર મળવાની લાલચ આપી માતબર રકમનું રોકાણ કરાવી બાદમાં ઉંચુ વળતર બતાવી તેવી રકમ વીથડ્રો કરવા માટે આઈ.પી.ઓ. તથા બ્રોકરેજ ટેકસ, તથા વી.આઈ.પી.એકાઉન્ટ અપગ્રેડ એકાઉન્ટ, ઓડીટ વિગેરે ચાર્જીસ ભરાવી ફરીયાદી સાથે માતબર રકમનો ફ્રોડ આચરેલ. ગુનાની તપાસ દરમ્યાન જુદી જુદી બેન્કોના એકાઉન્ટની તપાસ દરમ્યાન આરોપીઓએ ફ્રોડ કરેલ રકમ જમા થયેલાનું જણાઈ આવતા આવા જુદા જુદા બેન્ક એકાઉન્ટ ફ્રીઝ/લીન એમાઉન્ટ કરવામાં આવેલ. આવા એકાઉન્ટ ફ્રીઝ/લીન એમાઉન્ટ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિત ધ્વારા ખાતુ ફ્રીઝ/લીન એમાઉન્ટ કર્યા બાબત કોઈ વાંધો તકરાર ઉઠાવવામાં આવેલ ન હોય, જેથી તપાસ દરમ્યાન ફ્રીઝ કરવામાં આવેલ રકમ જરૂર જણાયે રજુ કરવાની શરતે યોગ્ય બેઈલ બોન્ડ લઈ અરજદારને પરત સોંપવા યોગ્ય હુકમ કરવા સામે વાંધો નહી હોવાનું જણાવેલ.

**(૬)** બંને પક્ષકારોના વિધ્વાન વકીશ્રીઓએ કરેલ રજુઆત તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા પોલીસનો અભિપ્રાય ધ્યાને લીધો. ફરીયાદ હકીકત તથા તપાસનીશ અમલદારે રજુ કરેલ અભિપ્રાય ધ્યાને લેતા આરોપીઓએ ફરીયાદી/ભોગ બનનારને શેર બજારને લગતી લોભામણી સ્કીમો સમજાવી તેઓના મારફત રોકાણ કરવાથી ખુબજ ઉંચુ વળતર મળશે તેવી સાયબરની યુકિત પ્રયુકિત વાપરી, લાલચ પ્રલોભન આપી વોટસએપ કોલ મારફત ફરીયાદી પાસે જુદી જુદી એપ ડાઉનલોડ કરાવી માતબર રકમનું રોકાણ કરાવેલ. જે રકમ દેશના અનેક રાજયોમાં જુદી જુદી બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા બાદ ઓન લાઈન ખુબજ ઉંચુ વળતર બતાવી તે રકમ વીથડ્રો કરવા માટે આઈ.પી.ઓ. તથા બ્રોકરેજ ટેકસ, તેમજ ફરીયાદીનું એકાઉન્ટ રનીંગ હોય, જે વી.આઈ.પી.અપગ્રેડ કરવા અને ત્યારબાદ જ વીથડ્રો સીસ્ટમ અપડેટ થાય તેમ હોવાનું તેમજ તાત્કાલીક નાંણા વીથડ્રો કરવા હોય તો

અપગ્રેડ ચાર્જ તથા ઓડીટ ચાર્જ ભરાવી ફરીયાદી સાથે માતબર રકમનો ફ્રોડ આચરેલ. ફરીયાદીની ફરીયાદ અન્વયે ગુનો દાખલ થયા બાદ તપાસ દરમ્યાન જુદી જુદી બેન્કોના અલગ અલગ બેન્ક એકાઉન્ટ સીઝ કરી ફ્રીઝ કરવામાં આવેલ અને તપાસનીશ અમલદારે તેમના અભિપ્રાયમાં વિગતવાર દર્શાવ્યા મુજબના જુદી જુદી બેન્કોના અલગ અલગ એકાઉન્ટમાંથી કુલ રૂા.૧૬,૨૪,૩૧૪–૬૬ પૈસા સીઝ કરી કબજે લેવામાં આવેલ. ત્યારબાદ જે તે એકાઉન્ટ હોલ્ડરને નોટીસ કરવાછતાં કોઈ એકાઉન્ટ હોલ્ડર ધ્વારા કોઈ વાંધો તકરાર ઉઠાવવામાં આવેલ હોય કે સદર સીઝ કરેલ રકમની માંગણી અન્ય કોઈએ કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આ સીઝ કરેલ રકમ લાંબા સમયથી જમા પડી રહેલ છે. સદર રકમ ફરીયાદીની કાયમી વપરાશ અને ધંધાના રોટેશન માટે તેમજ પોતાના પરિવારના જીવન નિર્વાહ માટે જરૂરી હોય, જે રકમ ન મળવાથી અરજદારને ખુબજ હાડમારી અને વિટંબણા વેઠવી પડતા ફરીયાદીને નુકશાન વેઠવુ પડે તેવી પરિસ્થિતિ નું નિમાર્ણ થાય. વધુમાં બનાવનું સ્વરૂપ ધ્યાનમાં લેતા સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે. ગુનાનો પ્રકાર અને બનાવનું સ્વરૂપ જોતા કેસનો ગુણદોષ ઉપર નિકાલ થવામાં ખુબ જ લાંબો સમય જાય તેમ છે. ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ પણ ફાઈલ થઈ ગયેલ હોય, અરજદાર સિવાય અન્ય કોઈએ સદર રકમની માંગણી કરેલ નથી કે કોઈએ આ રકમ પોતાનો કલેઈમ કરેલ નથી. અરજદાર ખુદ ભોગ બનનાર છે. આરોપીઓ ધ્વારા શેર બજારમાં રોકાણ કરવાથી ખુબ જ ઉંચુ વળતર આપવાની લોભામણી સ્કીમ ધ્વારા ફરીયાદીને ભોગ બનાવી સાયબર ફ્રોડ કરી માતબર રકમની છેતરપીંડી આચરી અલગ અલગ બેન્કોમાં આવી રકમ ટ્રાન્સફર કરાવી ફરીયાદીને ભોગ બનાવેલ હોય, તપાસ દરમ્યાન મળી આવેલ રકમ હાલ સીઝ કરી હોલ્ડ બ્લોક રાખેલ હોય, તે રકમ અરજદારને પરત કરવામાં ન આવે તો અરજદારને ખુબજ આર્થીક નુકશાન જાય તેમ હોય તેમજ તપાસ દરમ્યાન આવા એકાઉન્ટ ફ્રીઝ/લીન એમાઉન્ટ કર્યા બાદ જે તે ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિત ધ્વારા ખાતુ ફ્રીઝ/લીન એમાઉન્ટ કર્યા બાબત કોઈ વાંધો તકરાર ઉઠાવવામાં આવેલ ન હોય, જેથી તપાસ દરમ્યાન ફ્રીઝ કરવામાં આવેલ રકમ જરૂર જણાયે રજુ કરવાની શરતે યોગ્ય બેઈલ

બોન્ડ લઈ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવા સામે ફરીયાદપક્ષ ને કોઈ વાંધો તકરાર ન હોય, તે તમામ હકીકતો લક્ષમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવુ છું.

**—// <u>હુ ક મ</u> //—**

**(૧)** હાલની આ ફોજદારી પરચુ. અરજી નં.૧૪૬૬/૨૦૨૬ મંજુર રાખવામાં આવે છે.

સી.આઈ.ડી. સાઈબર ક્રાઈમ પોલીસ મથક, ગાંધીનગરના ગુના નં.૧૧૨૦૧૦૧૮૨૫૦૦૧૬/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ ૩૧૬(૫), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૪૦, ૩૦૮, ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(સી), ૬૬(ડી) તથા ધી બેનીગ ઓફ અનરેગ્યુલેટેડ ડીપોઝીટ સ્કીમ એકટની કલમ ૨૧, ૨૩, ૨૫(૧) મુજબના ગુના સબબ નોંધાયેલ સેશન્સ કેસ નં.૧૯૨/૨૦૨૫ ના કામે તપાસ દરમ્યાન જુદા જુદા બેન્ક એકાઉન્ટ મારફત સીઝ કરેલ રોકડ રકમ **રૂા.૧૬,૨૪,૩૧૪—૬૬ પૈસા** (અંકે રૂપિયા સોળ લાખ ચોવીસ હજાર ત્રણસો ચૌદ અને છાંસઠ પૈસા પુરા) ની રકમના અરજદાર તરફે પર્સનલ બોન્ડ લખી આપ્યેથી તેમજ તેટલી રકમના જામીન રજુ કર્યેથી તેમજ ટ્રાયલ દરમ્યાન જરૂરીયાત ઉભી થાય તો અરજદારે તેટલી રકમ અદાલત રુબરુ રજુ કરવાની શરતે સદર રકમ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૯મી જુલાઈ, ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખઃ ૦૯—૦૭—૨૦૨૬

**(જીતેન્દ્ર રમેશચંદ્ર શાહ)**
સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ જજ (જીપીઆઈડી)
અને સત્ર ન્યાયાધિશ
રાજકોટ.